# સર્વધર્મ પ્રાર્થના.

ૐ તત્સત શ્રી નારાયણ તું,

પુરુષોતમ ગુરુ તું...

સિદ્ધ-બુદ્ધ તું સ્કંદ વિનાયક

સવિતા પાવક તું...

બ્રહ્મ મજદ તું, યહ્વ શક્તિ તું..

ઇશુ પિતા પ્રભું તું...

રુદ્ર- વિષ્ણું તું, રામ- કૃષ્ણ તું..

રહીમ- તાઓ તું...

વાસુદેવ ગો વિશ્વ-રૂપ તું..

ચિદાનંદ હરિ તું...

અદ્વિતીય તું, અકાલ નિર્ભય,

આત્મલિંગ શિવ તું...

ૐ તત્સત શ્રી નારાયણ તું...

સૌનું કરો કલ્યાણ..

સૌનું કરો કલ્યાણ દયાળું પ્રભું, સૌનું કરો કલ્યાણ. (2)

નર-નારી પશુ-પંખીની સાથે,

જીવ-જંતુનું તમામ... દયાળ પ્રભું સૌનું કરો કલ્યાણ.

જગ નાં વાસી સૌ સુખ ભોગવે,

આનંદે રહી આઠો જામ.. દયાળુ પ્રભું સૌનું કરો કલ્યાણ.

દુનિયામાં દર્દ દુકાળ પડે નહીં

લડે નહીં કોઇ ગામ... દયાળુ પ્રભું સૌનું કરો કલ્યાણ.

સર્વ જગે સુખાકારી વધે ને,

વળી વધે ધન-ધાન્ય... દયાળુ પ્રભું સૌનું કરો કલ્યાણ.

કોઇ કોઇનું બુરું ન ઇચ્છે,

સૌનું ઇચ્છે કલ્યાણ... દયાળું પ્રભું સૌનું કરો કલ્યાણ.

પોત-પોતાનાં ધર્મે પ્રમાણે,

સર્વ ભજે ભગવાન... દયાળું પ્રભું સૌનું કરો કલ્યાણ.

જાદવદાસનાં દાસ પોકારે,

પ્રેમે કરી પરણામ... દયાળું પ્રભું સૌનુ કરો કલ્યાણ.

સૌનું કરો કલ્યાણ ...

મંદિર તારું વિશ્વ રૂપાળું...

મંદિર તારું વિશ્વ રૂપાળું,
સુંદર સરજનહારા રે...
પળ-પળ તારા દર્શન થાયે,
દેખે-દેખન હારા રે...

નહિ પૂજારી, નહીં કોઇ દેવા,
નહિ મંદિરને તાળાં રે...
નીલ-ગગનમાં મહિમા ગાતાં,
ચાંદો સૂરજ તારા રે...

વર્ણન કરતાં શોભા તારી,
થાક્યાં કવિગણ સારાં રે...
મંદિરમાં તું ક્યાં છૂપાયો ?
શોધે બાળ અધીરાં રે...

એક જ દે ચિનગારી,

મહાનલ ! એક જ દે ચિનગારી..

ચકમક લોઢું ઘસતાં-ઘસતાં,

ખરચી જીંદગી સારી (2)

જામગરીમાં તણખો ન પડયો,

ન ફળી મહેનત મારી,. મહાનલ...!

ચાંદો સળગ્યો , સૂરજ સળગ્યો,

સળગી આભ-અટારી, (2)

ના સળગી એક સગળી મારી,

વાત વિપતની ભારી... મહાનલ...!

ઠંડીમાં મુજ કાયા થથરે,

ખૂટી ધીરજ મારી,

વિશ્વાનલ હું અધિક ન માંગું,

માંગું એક ચિનગારી..મહાનલ.

## પ્રભુ નમીએ ..

પ્રભું નમીએ પૂરી પાતે, સુખી કર તું દુઃખો હર તું (2)

બનાવી તેં બધી દુનિયા, બનાવ્યાં તેં બધાં દરિયાં,
સૂરજ ને ચંદ્ર ઝગમગિયાં,સુખી કર તું દુઃખો હર તું..
પ્રભું નમીએ.

વળી આકાશમાં તારા, ઘણે ઉંચે જ ફરનારાં,
કર્યા છે તેં પ્રભું પ્યારાં,સુખી કર તું દુઃખો હર તું...
પ્રભું નમીએ.

જગત આખા ઉપર તારી, નજર ફરતી રહે ન્યારી,
અમારા કામ જોનારાં, સુખી કર તું દુઃખો હર તું...
પ્રભું નમીએ.

બધાયે પાપ બાળી દે, વળી બુદ્ધિ રૂપાળી દે,
નમીએ હાથ જોડીને,સુખી કર તું દુઃખો હર તું...
પ્રભું નમીએ.

## હે શારદે માં...

હે શારદે માં, હે શારદે માં..
અજ્ઞાનતા સે હમે તાર દે માં..(2)

તુ સ્વર કી દેવી યે સંગીત તુઝસે,
હર શબ્દ તેરા, હર ગીત તુઝસે (2)
હમ હૈ અકેલે, હમ હૈ અધૂરે,
તેરી શરણમેં હમેં પ્યાર દે માં.. હે શારદે માં.

મુનિયોંને સમજી યે ગુનિયોંને જાની,
વેદોં કી ભાષા,પુરાણો કી બાની (2)
હમ ભી તો સમજે, હમ ભી તો જાને,
વિદ્યા કા હમ કો,અધિકાર દે માં.. હે શારદે માં..

હાથોંમેં વીણાં, મુકુટ સર પે સાજે,
શ્વેત-શુભ્ર વસ્ત્રોમેં,કમલ પે બિરાજે (2)
મન સે હમારે મિટાદે અંધેરે.
હમકો ઉજાલોં કા સંસાર દે માં.. હે શારદે માં...

મંગલ મંદિર ખોલો..

મંગલ મંદિર ખોલો, દયામય !
મંગલ મંદિર ખોલો. (2)

જીવન-વન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઉભો શિશું ભોળો... દયામય !
મંગલ મંદિર ખોલો..

નામ મધુર તવ રટયો નિરતંર,
શિશું સહ પ્રેમે બોલો... દયામય !
મંગલ મંદિર ખોલો..

દિવ્ય તુષાતુર આવ્યો બાળક,
પ્રેમ અમીરસ ઢોળો.. દયામય !
મંગલ મંદિર ખોલો..

# અમે નાનાં-નાનાં બાળ..

અમે નાનાં-નાનાં બાળ સૌ ભગવાન નાં
અમે હસતાં-રમતાં ગીતો ગાતાં તાનમાં..
અમે નાનાં નાનાં બાળ..
રોજ સવારે સ્નાન કરીને,
માત-પિતા ને નમન કરીને,
ગુરુ-ચરણોમાં આવતાં.. અમે નાનાં નાનાં.

સરસ્વતીનું મંદિર આ છે,
ફૂલડાં રૂડાં ખૂબ ખીલ્યાં છે,
ફૂલડાં સુંદર બાગનાં.. અમે નાૃનાં નાનાં.

વિદ્યા દેવી તારી પાસે ,
આવ્યાં અમે સૌ એક જ આસે ,
વિદ્યા દેજો દાનમાં...અમે નાંનાં નાનાં..

મૈત્રા ભાવનું..

મૈત્રા ભાવનું પવિત્ર  ઝરણું, મુજ હૈયામાં વહ્યાં કરો,
શુભ થાઓ આ સકલ વિશ્નું અવી ભાવના નિત્ય રહો.

ગુણથી ભરેલાં ગુણીજન દેખી, હૈયુ મારું નત્ય કરે
એ સંતોનાં ચરણ કમળમાં,મુજ જીવનનું અર્ધ્ય રહે.
દીન,ક્રૂર ને ધર્મ વિહોણાં, દેખી દિલમાં દર્દ રહે...
કરૂણાભીની આંખોમાંથી,અશ્રુનો શુભ સ્રોત વહે...
મૈત્રા ભાવનું પવિત્ર ...

માર્ગ ભૂલેલાં જીવન પથિકને,માર્ગ ચીંધવા ઉભો રહ
કરે ઉપેક્ષાએ મારગની,તો પણ સમતા ચિત્ત ધરું..
' ચિત્ર ભાનું'ની ધર્મ ભાવના,હૈયે સો માનવ લાવે.
વેરઝેરનાં પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે...
મૈત્રા ભાવનું પવિત્ર ...

## જિસને સૂરજ ચાઁદ બનાયા..

જિસને સૂરજ ચાઁદ બનાયા ,
જિસને તારો કો ચમકાયા .

જિસને ફૂલોં કો મહકાયા ,
જિસને ચિડિયોં કો ચહકાયા .

જિસને સારા જગત બનાયા ,
જિસને રચી હમારી કાયા .

ઉસ ઇશ્વર કો સદા મનાયે ,
ઉસે પ્રેમ સે શીશ ઝુકાયેં .

જિસને સૂરજ ચાઁદ...

## ગોડ ઇઝ સો ગુડ..

ગોડ ઇઝ સો ગુડ (3)
યસ હીઝ ગુડ ટુ મી.

ગોડ ઇઝ સો કાઇન્ડ (3)
યસ હીઝ કાઇન્ડ ટુ મી.

ગોડ કેર્સ ફોર મી (3)
યસ હીઝ કેર્સ ફોર મી.

આઇલ ટ્રસ્ટ ઇન હીમ (3)
યસ આઇલ ટ્રસ્ટ ઇન હીમ.

આઇલ સીંગ હીઝ પ્રેઈઝ (3)
યસ આઇલ સીંગ હીઝ પ્રેઇઝ.

ગોડ ઇઝ સો ગુડ...

# જીવન અંજલી થાજો..!

જીવન અંજલી થાજો ! મારું જીવન અજલી થાજો.!

ભખ્યાં કાજે ભોજન બનજો , તરસ્યાનું જળ થાજો. (2)
દીન-દુખિયાનાં આસું લ્હોતાં , અંતર કદીનાં ધરાજો.
મારું જીવન અંજલી થાજો. !
સતની કાંટાળી કેળી પર, પુષ્પ બની પથરાજો, (2)
ઝેર જગતનાં જીરવી-જીરવી ,અમત ઉરનાં પાજો.
મારું જીવન અંજલી થાજો ..!
વણથાક્યા ચરણો મારાં નિત, તારી સમીપે ધાજો , (2)
હૈયાંનાં પ્રત્યેક સ્પંદને , તારું નામ રટાજો..
મારું જીવન અંજલી થાજો..!
વમળોની વચ્ચે નૈયા મુજ , હાલક- ડોલક થાજો, (2)
શ્રદ્ધા કેરો દિપક મારો , ના કદીયે ઓલવાજો..
મારું જીવન અંજલી થાજો..!

પ્રાણીમાત્ર ને ...

પ્રાણી**માત્રન** રક્ષણ  આપ્યું , માન્યાં  પોતા સમ  સહુને,
પૂર્ણ અહિંસા  આચરનારાં , **નમન**  તપસ્વી  મહાવીરને,

જન  સેવાના  પાઠ શીખાવ્યાં , મધ્યમ માર્ગ  બતાવીને ,
સંન્યાસીનો  ધર્મ  ઉજાળ્યો , વંદન  કરીએ  બુદ્ધ  તને,

એક પત્ની  વ્રત-પૂરણ પાળ્યું , ટેક  વણી છે  જીવતરમાં ,
ન્યાય નીતિમય  રામ રહેજો , સદા અમારાં  અંતરમાં.

સઘળાં કામો  કર્યા  છતાંયે , રહયાં  હંમેશા  નિર્લેપી ,
એવાં યોગી  કૃષ્ણ પ્રભુંમાં , રહેજો  અમ  મનડાં  ખૂંપી.

પ્રેમ-રૂપ પ્રભું પુત્ર   ઈસું  જે, ક્ષમા  સિંધુંને  વંદન  હો ,
રહેમ નેકીનાં  પરમ  પ્રચારક , હજરત  મહમંદ દિલે  રહો .

જરથોસ્તીનાં  ધર્મ  ગુરુની , પવિત્રતા  ઘટમાં  વ્યાપો.
સર્વધર્મ  સંસ્થાપક  સ્મરણો , વિશ્વ  શાતિમાં  ખપ  લાગો.

## પરોઢિયે પંખી ....

પરોઢિયે પંખી જાગીને, ગાતાં મીઠાં તારા ગાન ,
પરોઢિયે મંદિર–મસ્જિદમાં ,ધરતાં લોકો તારું ધ્યાન.

તું ધરતી માં, તું છે નભ માં,
સાગર મહીં વસે છે તું ,
ચાંદા સૂરજ માંયે તું છે,
ફૂલોં મહીં હસે છે તું ,
પરોઢિયે પંખી...

ફરતાં ફરતાં કે નિંદર માં ,
રાતે દિવસે સાંજ સવાર ,
તારો અમને સાથ સદાયે ,
તું છે સૌ નો રક્ષણહાર .
પરોઢિયે પંખી...

દેવ બનાવી દુનિયા છે તેં ,
તારો છે સૌને આધાર ,
તું છે સૌનો સૌ તારા છે ,
નમીએ તુજને વારંવાર .
પરોઢિયે પંખી...

તુમ્હીં હો માતા..

તુમ્હીં હો માતા , પિતા તુમ્હીં હો ,
તુમ્હીં હો બંધુ , સખા તુમ્હીં હો . (2)

તુમ્હીં હો સાથી , તુમ્હીં સહારે ,
કોઇ ન અપના સિવા તુમ્હારે (2)
તુમ્હીં હો નૈયા , તુમ્હીં ખિવૈયા ,
તુમ્હીં હો બંધુ , સખા તુમ્હીં હો .

તુમ્હીં હો માતા..

જો ખિલ સકે ના વો ફૂલ હમ હૈ ,
તુમ્હારેં ચરણોં કી ધૂલ હમ હૈ (2)
દયા કી દષ્ટિ સદા હી રખના ,
તમ્હીં હો બંધું , સખા તુમ્હી હો ...

તુમ્હીં હો માતા ...

ગોડસ લવ...

ગોડસ લવ , ઇઝ સો વન્ડર ફૂલ (2)

ઓહ ! વન્ડર ફૂલ લવ .

સો હાઇ , યૂ કાન્ટ ગેટ ઓવર ઇટ ,

સો ડીપ ,યૂ કાન્ટ ગેટ અન્ડર ઇટ ,

સો વ્હાઇટ, યૂ કાન્ટ ગેટ અરાઉન્ડ ઇટ ,

ઓહ ! વન્ડર ફૂલ લવ (2)

અબ સૌંપ દિયા ...

અબ સૌંપ દિયા ઇસ જીવનકા ,
સબ ભાર તુમ્હારેં હાથોં મેં ,
હૈ જીત તુમ્હારેં હાથોં મેં ,
ઔર હાર તુમ્હારેં હાથોં મેં .

અબ સૌંપ દિયા..

મેરા નિશ્ચય બસ એક યહી ,
એક બાર તુમ્હેં પા જાઉં મૈં ,

અબ સૌંપ દિયા ...

મુઝ મેં-તુઝ મેં બસ ભેદ યહી ,
મૈં નર હું ,તુમ નારાયણ હો ,
મૈં હું સંસાર કે હાથોં મેં ,
સંસાર તુમ્હારેં હાથોં મેં ..

અબ સૌંપ દિયા ...

ગમે તે સ્વરૂપે...

ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો,
પ્રભું મારા વંદન , પ્રભું મારા વંદન ..

ભલે નાં નિહાળું, નજર થી તમો ને ,
મળે ગુણ તમારાં સફળ મારું જીવન,
જન્મ છે અસંખ્ય, મળ્યાં ને ગુમાવ્યાં,
ધરમ ના કર્યા ના તમો ને સંભાળ્યા.

ગમે તે સ્વરૂપે..

હવે આ જનમ માં કરું છું વિનંતી ,
સ્વીકારો તમે તો ,તૂટે મારા બંધન ,
મને હોંશ એવી , ઊજાળું જગત ને ,
કિરણ નાં મળે મારાં ,મન નાં દિપક ને,

ગમે તે સ્વરૂપે..

તમે તેજ આપો, જલે એવી જ્યોતિ
અમર પંથ નાં સૌને કરાવે છે દર્શન.

ગમે તે સ્વરૂપે......

## પેલાં મોરલાંની પાસ..

પેલાં મોરલાંની પાસ, બેઠાં શારદાં જોને,
આપે વિદ્યાં કેરું દાન, માતા શારદા જોને.

જે તુજ મંદિર આવે તે ફૂલની માળા લાવે,
માં ના કંઠમાં સોહાય (2) માતા શારદા જોને..

પેલાં મોરલાની..

તુજ મંદિરિયું એવું જાણે સર્વ ભૂવનનાં જેવું,
મંદિર આવીને આનંદ થાય (2) માતા શારદા જોને..

પેલાં મોરલાં ની...

તુજ–બાળ અમે સૌ ઘેલાં, અમે ભણીએ વહેલાં વહેલાં,
અમને ભણતાં આનંદ થાય (2) માતા શારદા જોને...

પેલાં મોરલાંની ..

## સ્વાગત ગીત

કરીએ સ્વાગત પણ લાગે અધૂરાં (2)
અમે રહયાં નાનાં નાનાં બાળ મધૂરાં (2)

ક્વાં દીપી રહયાં છે અમ આંગણાં,
મોઘાં મહેમાનનાં થયાં પધરાંમણાં..
આવ્યાં આનંદથી આજ, લેવાં અનેરો લાભ..
સૌનાં દિલડાં થનગન નાચી રહયાં...
કરીએ સ્વાગત પણ...
નથી સ્વાગત માં ફૂલડાં ગુલાબનાં,
આ તો સુખડ મોતીનાં હારલાં,.
મારાં અંતર ઉદગાર, પ્રેમે કરજો સ્વીકાર...
એ જ મનડાંની શુભ મનોકામના...
કરીએ સ્વાગત પણ
આજ ઊગી છે ઊષા સોનેરી,
હૈયે ઊગી છે ઉર્મિયો અનેરી...
સ્નેહે સ્વાગત કરીએ,આજ હોંશે રમીએ..
એવાં આનંદે આગણાં દિપાવનારાં..
કરીએ સ્વાગત પણ..
એવાં સરસ્વતી અહીં બિરાજે ,
દેવાં શાળામાં જ્ઞાન-દાન કાજે..
મારાં નૈનૌં નિરખે , મારું હૈયું હરખે ..
ચારે દિશા એ ગગન ગજવનારાં..
કરીએ સ્વાગત પણ..

## ઓ હિંદ ! દેવભૂમિ..

ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં.
કરીએ મળીને વંદન, સ્વીકારજો અમારાં.

હિન્દું અને મુસલમીન, વિશ્વાસી પારસી જિન
દેવી સમાન રીતે , સંતાન સૌ તમારાં.
ઓ હિન્દ ! દેવ..

સૌની સમાન માતા , સૌએ સમાન તેથી
ના ઉચ્ચ–નીચ કોઇ , સંતાન સૌ તમારાં.
ઓ હિન્દ ! દેવ..

ચાહો બધાં પરસ્પર , સાહો બધાં પરસ્પર.
એ પ્રાર્થના કરે આ , સંતાન સૌ તમારાં.
ઓ હિન્દ ! દેવ..

# વીસરું નહીં પ્રભું નામ..

વીસરું નહીં પ્રભું નામ,કદી હું વીસરું નહીં પ્રભું નામ.

ચંદ્ર સૂરજને અગણિત તારા ,
કર્યા ઊજાસને કામ .... કદી હું..
બહું ઉપયોગી આપી હવા તેં ,
બેસે નહિ કંઇ દામ..... કદી હું..
અન્ન દીએ છે વરસાદે થી ,
પાળે જીવ તમામ..... કદી હ...
ગાય-ભેંસને દૂધ-દહીં દેવા ,
સરજાવી સૌ ઠામ..... કદી હું...
ઝાડ-પાન ફળ-ફૂલ બનાવ્યાં ,
આંબો ગુલાબ-બદામ.... કદી હું...
દયા કરી સેવકન આપો ,
બહું વિદ્યા સુખ હામ... કદી હું...

## ઇતની શક્તિ...

ઇતની શક્તિ હમેં દે ના દાતા,મન કા વિશ્વાસ કમજોર હોના
હમ ચલે નેક રસ્તે પે હમસે ,ભૂલ કર ભી કોઇ ભૂલ હો ના..

દૂર અજ્ઞાન કે હો અંધેરે ,તુ હમેં જ્ઞાન કી રોશની  દેં..
હર બુરાઇ સે બચતે રહે હમ,જીતની ભી દે ભલી જીંદગી દે.
બૈર હો ના કિસી કા કિસી સે,ભાવના મનમેં બદલે કી હોના..

હમ  ચલે  નેક..
ઇતની  શક્તિ ..

હમ ના સોચે હમે કયા મિલા હૈ,હમ યે સોચે કિયા ક્યા હૈ અર્પન.
ફૂલ ખુશિયોંકે બાટેં સભી કો,સબકા જીવન હી બન જાયે મધુબન.
અપની કરુણા કા જલ તું બહાકે,કર દે પાવન હર ઇક મનકા હોના.

હમ  ચલે  નેક...
ઇતની  શક્તિ..

# તેરી પનાહ મેં

તેરી પનાહ મેં હમે રખના ..

શીખે હમ નેક રાહ પર ચલના..

કપટ કર્મ ચોરી બેઇમાની ઔર હિંસા સે હમકો બચાના..(૨)

નાલી કા બન જાઉં ના પાની (૨)

નિર્મલ ગંગાજલ હી બનાના...ઓ..

અપની નિગાહ મેં હમે રખના...

શીખે હમ નેક રાહ પર ચલના..

ક્ષમાવાન કોઇ તુઝસા નહીં ઔર મુઝસા નહી કોઇ અપરાધી (૨)

પુણ્યકી નગરી મૈં ભી મૈંને (૨)

પાપો કી ગઠરી હૈ બાંધી.... ઓ ...

કરૂણા કી છાંવ મેં હમે રખના ...

શીખે હમ નેક રાહ પર ચલના..

## ભલે બળું..

ભલે બળું પણ જગ અજવાળું  દિલે તમન્ના મારી....
દિપક જેવી દ્રષ્ટિ આપો , એ જ પ્રાર્થના મારી..

સૂરજનો સંદેશો લઇને ઘરઘર મારે જાવું.
હું જ કોડિયું, હું જ દિવડો , હું જ મને પ્રગટાવું.
જતાં-આવતાં છોને મુજને ગલી મળે અંધારું.
દિપક જેવી દ્રષ્ટિ ....

તિમિર મહીં હું તેજ ભરુંને બનું અંધની આંખો,
મારી જીવનજ્યોતીથી પ્રગટાવું હું દિપક લાખો.
પ્રકાશ કેરું પર્વ બનીને, બનું ચેતના પ્યારી...
દિપક જેવી દ્રષ્ટિ ....

વિચારોનું દિવેલ પુરી દો સરસ્વતી તવ હાથે
ત્તોફાની વાયુની વચ્ચે સદાય રહેજો સાથે,
તેજ પૂંજની આભા પ્રગટે અંગ-અંગમાં ન્યારી...
દિપક જેવી દ્રષ્ટિ ....

ગૌરવગાન

ધરતી કી શાન તુ હૈ પ્રભુ કી સંતાન તેરી મુઠ્ઠીઓમેં બંધ તુફાન હૈ રે...

મનુષ્ય તુ બડા મહાન હૈ... ભૂલ મત મનુષ્ય તુ બડા મહાન હૈ....

તું જો ચાહે પર્વત પહાડો કોં ફોડ દે

તું જો ચાહે નદીયોં કે મુખ કો ભી મોડ દે

તું જો ચાહે માટી સે અમૃત નિચોડ દે

તું જો ચાહે ધરતી કો અંબર સે જોડ દે

અમર તેરે પ્રાણ...(2) મીલા તુજકો વરદાન....

તેરી આત્મામેં સ્વયં ભગવાન હૈ રે...... મનુષ્ય તુ બડા મહાન...

નૈનો મેં જ્વાલ તેરી ગતિમેં ભૂચાલ

તેરી છાતીમેં છીપા મહાકાલ હૈ

પૃથ્વી કે લાલ તેરા હીમગીરી સા ભાલ

તેરી ભૃકુટીમેં તાંડવ કા તાલ હૈ

નીજ કો તુ જાન.... (2) જરા શક્તિ પહેચાન

તેરી વાણીમેં યુગ કા આહવાન હૈ રે.... મનુષ્ય તુ બડા મહાન...

ધરતી સા ધીર તુ હૈ અગ્નિ સા વીર

તુ જો ચાહે તો કાલ કો ભી થામ લે

પાપો કા પ્રલય રૂકે પશુતા કા શિશ ઝુકે

તુ જો અગર હિંમત સે કામ લે

ગુરૂ સા મતિમાન.... (2) પવન સા તુ ગતિમાન

તેરી નભસે ભી ઊંચી ઉડાન હૈ રે....... મનુષ્ય તુ બડા મહાન...